# ઇન્ડિયા ફાઉન્ડેશન ફોર ધ આર્ટ્સ (IFA)

## 'આર્ટ્સ પ્રેક્ટિસ' કાર્યક્રમ અંતર્ગત 'આર્ટ્સ પ્લેટફોર્મ' માટે અરજીઓ આમંત્રિત કરે છે

### અરજી કરવાની છેલ્લી તારીખ: ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬

'આર્ટ્સ પ્રેક્ટિસ' કાર્યક્રમનો હેતુ એવાં પ્રોજેક્ટોને પ્રોત્સાહન આપવાનો છે, જેમાં કલાકારો પોતાની હાલની કલાસાધનાના વ્યાપને નવી દિશાઓમાં વિસ્તારી શકે. પ્રયોગશીલતાની ભાવનાને કેન્દ્રમાં રાખીને આવાં પ્રોજેક્ટો પ્રચલિત માન્યતાઓને પડકારી શકે, વિષયવસ્તુ, સ્વરૂપ અને અભિવ્યક્તિના માધ્યમોની સીમાઓને વિસ્તારી શકે તેમજ સ્થળ, પ્રેક્ષકો અને સમુદાયો સાથે જોડાવાની નવી રીતોની શોધ કરી શકે.

આર્ટ્સ પ્લેટફોર્મ

કલાકારો તરીકે આપણે ઘણી વાર એકબીજા સાથે મળીને કામ કરવાની અને કલાના સર્જન દ્વારા સામૂહિક સર્જનાત્મકતાને પ્રેરણા આપવાની જરૂરિયાત અનુભવીએ છીએ. જુદા જુદા પ્રદેશો, કલાસાધનાનાં વિવિધ ક્ષેત્રો અને અલગ અલગ પેઢીઓનાં કલાકારો જ્યારે એકત્ર થાય છે, ત્યારે તેઓ વિચારોની આપ-લે, નવીનતા અને સર્જનપદ્ધતિઓમાં નવા પ્રયોગો કરવા માટે સમકક્ષ કલાકારોનાં વર્તુળો, નેટવર્કો અને સહભાગી જૂથો રચવા પ્રેરાય છે. જ્ઞાનની આપ-લે, સંવાદ, ચર્ચા-વિચારણા, અધ્યયન અને સહિયારા વિકાસ માટે અનુકૂળ અવકાશો ઊભાં કરીને આવાં પ્લેટફોર્મો કલાત્મક ઊર્જાઓનાં નવા અને ઘણી વાર અણધાર્યા સંગમને પોષણ આપનાર મહત્વપૂર્ણ કેન્દ્રો બની રહેતાં હોય છે.

આવાં નેટવર્કો પ્રગતિશીલ કલાકારોને સામાજિક અને રાજકીય ઘટનાઓને સમયોચિત અને સર્જનાત્મક પ્રતિભાવ આપવા સક્ષમ બનાવે છે. તે કલાસાધના માટે ટકાઉ માળખાં વિકસાવવામાં, સશક્ત અને સ્થિતિસ્થાપક કલાસમુદાયોનું નિર્માણ કરવામાં તેમજ આજ પર્યંત ઉપેક્ષિત રહેલાં અવાજોને સાંભળવા અને અભિવ્યક્ત થવા માટે મહત્ત્વપૂર્ણ મંચ પૂરું પાડવામાં પણ મદદરૂપ બને છે. સંસાધનોનો સહિયારો ઉપયોગ અને સહિયારી ભાગીદારીને પ્રોત્સાહન આપીને આર્ટ્સ પ્લેટફોર્મો એવાં સર્જનાત્મક વાતાવરણનું પોષણ કરે છે, જેમાં સર્વસમાવેશકતા, બદલાતી પરિસ્થિતિઓને અનુકૂળ થવાની ક્ષમતા અને દીર્ઘકાલીન અસરને પ્રાધાન્ય આપવામાં આવે છે, જેથી કલાસાધના બદલાતાં સંદર્ભો સાથે સુસંગત રહે. આર્ટ્સ પ્લેટફોર્મો નવીનતા, સહકારની ભાવના અને કલાના ક્ષેત્રમાં સહિયારા સર્જનસામર્થ્યની શક્તિમાં વિશ્વાસ ધરાવે છે.

'આર્ટ્સ પ્રેક્ટિસ' કાર્યક્રમ અંતર્ગત અમે **'આર્ટ્સ પ્લેટફોર્મ'** માટે પ્રસ્તાવો આમંત્રિત કરીએ છીએ. તેમાં પ્રશિક્ષણ શિબિર (વર્કશોપ), સર્જનનિવાસ (રેસિડન્સી), કલાકારોનાં સંમેલન અથવા આવી અન્ય પહેલોનો સમાવેશ થઈ શકે છે, જે ભૌતિક, ઑનલાઇન અથવા બંનેના સંયુક્ત (હાઇબ્રિડ) સ્વરૂપમાં નેટવર્કો અને સહભાગિતા માટેનાં મંચો વિકસાવવા અને તેમને સક્રિય બનાવવાનો પ્રયાસ કરતી હોય. આવી પહેલોનો હેતુ એક જ કલાક્ષેત્રમાં કાર્યરત અથવા વિવિધ કલાક્ષેત્રો સાથે સંકળાયેલા કલાકારોને એક સહિયારા મંચ પર લાવવાનો છે, જેથી વિચારોની આપ-લેને પ્રોત્સાહન મળે, સહયોગની ભાવના વધુ દૃઢ બને, સર્જનાત્મકતાને પ્રેરણા મળે અને તેમની કલાસાધનાની ટકાઉતા સુનિશ્ચિત થઈ શકે.

પ્રોજેક્ટનો સમયગાળો

વધુમાં વધુ ૧૨ મહિના

બજેટ

અધિકતમ રૂ. ૩,00,000/-

કોણ અરજી કરી શકે**?**

અમે એવાં સર્જકો અને કલાસાધકો પાસેથી પ્રસ્તાવો આમંત્રિત કરીએ છીએ, જેઓ કોઈ એક કલાક્ષેત્રમાં અથવા વિવિધ કલાક્ષેત્રોને સાંકળીને કાર્યરત હોય. તેમાં નીચે મુજબના સર્જકો અને કલાસાધકોનો સમાવેશ થઈ શકે છે:

- પરફોર્મિંગ આર્ટ (પ્રદર્શન કલા) સાથે સંકળાયેલા કલાકારો, જેમ કે સંગીત, ધ્વનિકલા, લેખન, નૃત્ય, ચળવળ આધારિત કલા, રંગભૂમિ, કઠપૂતળી કલા, વાર્તાકથન, જાદુકલા, સર્કસ અને અન્ય પ્રદર્શન કલાઓ.

- વિઝ્યુઅલ આર્ટ (દૃશ્ય કલા) સાથે સંકળાયેલા કલાકારો, જેઓ ફિલ્મ (કાલ્પનિક અને બિનકાલ્પનિક), એનિમેશન, ફોટોગ્રાફી, ઇન્સ્ટોલેશન આર્ટ, ન્યૂ મીડિયા, ક્રિએટિવ કોડિંગ, કૃત્રિમ બુદ્ધિમત્તા , રોબોટિક્સ, ઇન્ટરએક્ટિવ આર્ટ્સ, ગેમિંગ અથવા કન્સેપ્ટ આર્ટ, ચિત્રકલા, શિલ્પકલા, પ્રિન્ટમેકિંગ, કોમિક્સ, ગ્રાફિક નેરેટિવ, આર્ટિસ્ટ બુક્સ તથા અન્ય દૃશ્ય કલાઓમાં કાર્યરત હોય.

- ક્યુરેટરો, ખાસ કરીને જેઓ પરંપરાગત આર્ટ ગેલેરીઓની બહાર સંદર્ભોમાં કાર્યરત હોય.

- સાહિત્યકલા સાથે સંકળાયેલા સર્જકો, જેમ કે કવિઓ, નવલકથાકારો, ટૂંકી વાર્તાના લેખકો, નાટ્યલેખકો, ફિલ્મની પટકથા લખનારાઓ, કોમિક્સ લેખકો, ગેમ લેખકો અને સર્જનાત્મક બિનકાલ્પનિક લેખકો.

- વિવિધ કલાક્ષેત્રોને સાંકળીને આંતરવિષયક કાર્ય કરતાં કલાસાધકો.

પ્રસ્તાવ મોકલવા અંગેની માર્ગદર્શિકા

તમે તમારો પ્રસ્તાવ અંગ્રેજી સહિત કોઈ પણ ભારતીય ભાષામાં રજૂ કરી શકો છો. અંગ્રેજી સિવાયની ભારતીય ભાષાઓમાં રજૂ થતાં પ્રોજેક્ટોને IFA વિશેષ પ્રોત્સાહન આપે છે.

તમારા પ્રસ્તાવ સાથે નીચે મુજબ વિગતો સાથે મોકલશો:

- તમારી અત્યાર સુધીની કલાસાધના, રસનાં ક્ષેત્રો અને સર્જનાત્મક ચિંતાઓ.

- આર્ટ્સ પ્લેટફોર્મ વિકસાવવા પાછળની તમારી પ્રેરણા.

- તમે જે આર્ટ્સ પ્લેટફોર્મ વિકસાવવા ઇચ્છો છો તેની વિગતવાર માહિતી, જેમાં તેનો હેતુ, તેમાં જોડાનારાં ભાગીદારો અને સહયોગીઓ તેમજ તેને કયા નેટવર્ક, અવકાશ, સ્થળ અથવા સ્થળવ્યવસ્થામાં આયોજિત અથવા કાર્યરત કરવાનું આયોજન છે તેની વિગતો.

- પ્રોજેક્ટની પ્રવૃત્તિઓની વિગતવાર સમયરેખા.

- ખર્ચનું વિગતવાર અંદાજપત્રક.

- આ અરજીને અનુરૂપ અને સુસંગત તમારાં અગાઉનાં કાર્યનાં ઉદાહરણો.

- તમારું વર્તમાન ટપાલ સરનામું, ફોન નંબર અને ઇ-મેઇલ સરનામા સાથેનું જીવનવૃત્તાંત (CV).

- તમારી સંપૂર્ણ આખરી અરજી એક જ ઇ-મેઇલ દ્વારા નીચેના સરનામે મોકલશો:

  શ્રી જ્હોન ઝેવિયર્સ
  કાર્યક્રમ અધિકારી – આર્ટ્સ પ્રેક્ટિસ
  ઇ-મેઇલ:john@indiaifa.org
  ઇ-મેઇલનો વિષય (Subject): Project Proposal for Arts Platforms (Arts Practice)

- તમારા પ્રસ્તાવ અંગે કોઈ પ્રશ્ન હોય અથવા વધુ સ્પષ્ટતા જોઈતી હોય, તો કૃપા કરીને john@indiaifa.org પર લખશો.

પાત્રતા

- માત્ર ભારતીય નાગરિકો જ અરજી કરી શકશે. ભારતીય મૂળની વ્યક્તિઓ (PIO) તથા ભારતના વિદેશસ્થ નાગરિકો (OCI)ના કાર્ડધારકો અરજી માટે પાત્ર ગણાશે નહીં.
- અરજદાર પાસે PAN કાર્ડ તેમજ ઓળખ અને નાગરિકતાના પુરાવા તરીકે નીચેનાં પૈકી કોઈ એક દસ્તાવેજ હોવો આવશ્યક છે: ભારતીય પાસપોર્ટ, આધાર કાર્ડ અથવા ભારતનું મતદાર ઓળખપત્ર (Voter ID).
- માત્ર વ્યક્તિગત અરજદારો જ અરજી કરી શકશે. કોઈ પણ પ્રકારની સંસ્થાઓ અરજી કરી શકશે નહીં.
- જો પ્રોજેક્ટમાં સહયોગીઓ જોડાયેલાં હોય, તો તેઓ પણ ભારતીય નાગરિક હોવાં આવશ્યક છે.
- IFA સાથે અગાઉ નાણાકીય અનિયમિતતાનો ઇતિહાસ ધરાવતી વ્યક્તિઓ અરજી માટે પાત્ર નથી.
- અગાઉ IFA તરફથી મળેલાં અનુદાનની શરતો અનુસાર સોંપવાનાં કાર્ય (Deliverables) પૂર્ણ ન કરીને IFAને સોંપવામાં નિષ્ફળ ગયેલાં અરજદારો અરજી માટે પાત્ર રહેશે નહીં.
- કોઈ પણ કારણસર IFA દ્વારા ભવિષ્યમાં અરજી કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય તેવી વ્યક્તિઓ અરજી માટે પાત્ર રહેશે નહીં.
- હાલમાં IFA દ્વારા અમલમાં મૂકવામાં આવી રહેલાં કોઈ પ્રોજેક્ટ સાથે સંકળાયેલાં વ્યક્તિઓ અરજી કરી શકશે નહીં.
- એકથી વધુ વ્યક્તિઓ સંયુક્ત બેંક ખાતું (Joint Account) ધરાવતી હોય, તો તેઓ સંયુક્ત રીતે અરજી કરી શકશે. જો સંયુક્ત બેંક ખાતું ન હોય, તો તેમનામાંથી કોઈ એક વ્યક્તિ મુખ્ય અરજદાર તરીકે અરજી કરશે અને અન્યોને સહયોગી તરીકે દર્શાવવામાં આવશે.

પસંદગી પ્રક્રિયા

પ્રાથમિક પસંદગી પામેલાં પ્રસ્તાવોનું મૂલ્યાંકન બાહ્ય નિષ્ણાતોની સમિતિ કરશે. ત્યારબાદ પસંદગી પામેલાં અરજદારોએ પોતાના પ્રોજેક્ટનો પ્રસ્તાવ સમિતિ સમક્ષ રજૂ કરવો રહેશે.

પસંદગી પામેલાં તમામ પ્રોજેક્ટોનો અમલ **IFA** દ્વારા કરવામાં આવશે.

મહત્ત્વની તારીખો

- IFAના કર્મચારીઓનો પ્રતિસાદ મેળવવા માટે તમારા પ્રશ્નો તથા પ્રસ્તાવનાના પ્રારંભિક વિચારો લેખિત, ઑડિયો અથવા વિડિયો સ્વરૂપે અમને મોકલવાની છેલ્લી તારીખ: ૨૧ ઓગસ્ટ, ૨૦૨૬
- અંતિમ પ્રસ્તાવ રજૂ કરવાની છેલ્લી તારીખ: ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬
- પસંદગી પામેલાં પ્રોજેક્ટોની જાહેરાત: નવેમ્બર, ૨૦૨૬
- 

કૃપયા નોંધ લેશો કે ***IFA*** બાળકો સહિત દરેક વ્યક્તિ માટે સુરક્ષિત, સન્માનપૂર્ણ અને સહકારપૂર્ણ વાતાવરણ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે. અરજદારે પણ આ મૂલ્યોને અનુરૂપ વર્તન કરવું અને દરેક સમયે તેનું પાલન કરવું આવશ્યક છે.